## પાઠ : ૧ શૈલરાજ

❖ **નીચે આપેલા પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો.**

૧) હિમાલયમાંથી કઈ કઈ નદીઓ નીકળે છે ?તેમાંથી આપણે શું મેળવીએ છીએ

જવાબ : હિમાલયમાંથી ગંગા , યમુના ,બ્રહ્મપુત્રા , સિંધુ જેવી મોટી નદીઓ નીકળે છે. આ નદીઓ પર બંધ બાંધીને આપણે એ પાણીથી ખેતીની સિંચાઈ કરી શકીએ તેમજ વિદ્યુત પણ ઉત્પન્ન કરી શકીએ.

૨) હિમાલયનાં ઉત્તુંગ શિખરો કોણે સર કર્યા છે ?

જવાબ : હિમાલયનાં ઉત્તુંગ શિખરો નેપાળના તેનસીંગ શેરપા તથા ન્યુઝીલેન્ડના એડમંડ હિલેરીએ સૌપ્રથમ ઈ.સ.૧૯૫૩ માં સર કર્યા. ત્યારબાદ ભારતીય મહિલા બચેન્દ્રીપાલ તથા અમદાવાદના I.P.S અતુલ કરવાલે એવરેસ્ટ સર કરેલ છે.

૩) હિમાલય આપણને કઈ કઈ ચીજો આપે છે ?

જવાબ : હિમાલય આપણને નદીઓ દ્વારા નિરંતર જળ આપે છે. જેનાથી ખેતી માટે સિચાઈ તેમજ બંધથી વિદ્યુત મળી રહે છે.હિમાલયના વનોમાંથી કેટલીય ઔષધીઓ અને ઉપયોગી લાકડાં મળે છે તેમજ અમુલ્ય ખનીજ પદાર્થોનો ખજાનો પણ છે.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

❖ **નીચે આપેલા પ્રશ્નોના કારણ આપો.**

૧) પર્વતોમાં હિમાલયને “શૈલરાજ' કહેવામાં આવે છે,

કારણ કે હિમાલય વિશ્વનો સૌથી ઊંચો પર્વત છે, તેથી જ તે “શૈલરાજ' કહેવાય છે.

૨) ધાર્મિક રીતે પણ હિમાલય પર્વતનો મહિમા અનેરો છે,

કારણ કે પ્રાચીનકાળમાં તપસ્વીઓ તથા ઋષિમુનિઓ હિમાલયના પર્વતીય પ્રદેશ મા તપસ્યા કરવા જતાં હતાં. ત્યાં બદ્રીનાથ તથા કેદારનાથ જેવા પવિત્ર યાત્રાધામ છે.

૩) હિમાલય ભારત માતાનો રક્ષક છે,

કારણ કે તે ભારતની ઉત્તર દિશામાં કાશ્મીરથી આસામ સુધી એક લાંબી તથા ઊંચી દિવાલની જેમ ઊભો રહી ભારત માતાનું રક્ષણ કરે છે. તેથી તે ભારત માતા નો રક્ષક છે.

❖ **નીચેના વિધાનોમાં ખરાં અને ખોટાં લખો.**

૧) હિમાલય ભારતનો જ ઊંચો પર્વત છે.[ X ]

૨) હિમાલય કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિસ્તરેલો છે [ X ]

૩) હિમાલયનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ છે. [ ✔ ]

૪) સાબરમતી, તાપી, નર્મદા જેવી નદીઓ હિમાલયમાંથી નીકળે છે. [ X ]

૫) પવિત્ર યાત્રાધામ કેદારનાથ હિમાલય પર આવેલું છે. [ ✔ ]

૬) વર્તમાન સમયમાં લોકો તપસ્યા કરવા હિમાલયમાં જાય છે. [ X ]

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

❖ **યોગ્ય શબ્દો દ્વારા નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

૧) **હિમાલય** ને ભારતમાતાનો સરતાજ કહેવામાં આવે છે.

૨) હિમાલયનું એવરેસ્ટ શિખર ૮૮૪૮ મીટર ઊંચું છે.

૩) હિમાલયને **શૈલરાજ** પણ કહેવામાં આવે છે

૪) હિમાલયના બધા શિખરો હંમેશા **બરફ** થી આચ્છાદિત હોય છે.

૫) તેનસીંગ શેરપા **નેપાળ** ના રહેવાસી હતા.

❖ **નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

૧) સર કરવું : લક્ષ્ય પ્રાપ્ત કરવું / સફળતા મેળવવી

નેપાળના તેનસીંગ શેરપા અને ન્યુઝીલેન્ડના પર્વતારોહક એડમંડ હિલેરી એ સૌપ્રથમ એવરેસ્ટ સર કર્યું.

❖ **નીચે આપેલા શબ્દો ની સંધિ જોડો.**

૧) હિમ + આલય = હિમાલય

૨) પર્વત +આરોહક = પર્વતારોહક

૩) બરફ + આચ્છાદિત = બરફાચ્છાદિત

❖ **નીચે આપેલ શબ્દોની જોડણી સુધારો**

૧) હીમાલય : હિમાલય

૨) સોપરથમ : સૌપ્રથમ

૩) ઋષીમુની : ઋષિમુનિ

૪) વિધુત : વિદ્યુત

૫) રમણિય : રમણીય

૬) અમુલ્ય : અમૂલ્ય

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## પાઠ : ૨ વિપર્યય

❖ **નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને લખો.**

૧) કોની આંખમાં પ્રશ્ન ડોકાયા કરે છે ?

(ક) પુત્રની (ખ) **માતાની** (ગ) પિતાની (ઘ) સંતાનની

૨) કાવ્યમાં કોની અનુપસ્થિતિ વિશે વાત કરવામાં આવી છે ?

(ક) **પિતાની** (ખ) પ્રેમની (ગ) પુત્રની (ઘ) માતાની

૩) મા એ બાળકને કોની જેમ સાચવ્યો છે ?

(ક) સંતાનની જેમ (ખ) રાજકુમારની જેમ (ગ) **ફૂલની જેમ** (ઘ) ભગવાનની જેમ

૪) મા બાળકને કેવા હાલરડાં સંભળાવે છે ? (ક) સરસ

(ક) સરસ (ખ) મધુર (ગ) **મીઠાં** (ઘ) કડવાં

૫) કાવ્યમાં કોણ ઝબકીને જાગી જાય છે.

(ક) બાળક (ખ) પુત્ર (ગ) મા (ઘ) પિતા

DELHI PUBLIC SCHOOL

❖ **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

GANDHINAGAR

૧) માતાની આંખમાં શું ડોકાયા કરે છે ? કેમ ?

જવાબ : માતાની આંખમાં માત્ર એક જ પ્રશ્ન ડોકાયા કરે છે કે મારો પુત્ર મને સાચવશે ખરો ? કારણ કે મને લાગે છે મારો પુત્ર મને વૃદ્ધ હોવાને કારણે એકલો તો નહીં મૂકી દે ને !

૨) મા બાળકનો ઉછેર કેવી રીતે કરે છે ?

જવાબ : મા બાળકનો ઉછેર એક ફૂલની જેમ કરે છે. તે ડગલેને પગલે તેને સાચવે છે તેના ઉપર કોઈપણ પ્રકારની મુશ્કેલી આવવા દેતી નથી.

૩) માના ધ્રૂજતાં હાથમાંથી શું છટકી જાય છે ?

જવાબ : માના ધ્રૂજતાં હાથમાંથી એવી શંકા છટકી જાય છે કે “ક્યાંક મારો દીકરો મને દગો તો નહીં આપે ને ?"

❖ **નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

૧) મા ઊંઘમાંથી ઝબકીને જાગી ઉઠે છે - કાવ્યના આધારે જણાવો.

જવાબ : ઉપરોક્ત પંક્તિમાં કવિ એમ કહેવા માંગે છે કે - જેમાં કાલ સુધી પોતાના બાળકને મીઠા હાલરડાં ગાઈને પ્રેમથી સુવડાવતી હતી. આજે તે માતાના મનમાં એવો ડર છે કે, “વૃદ્ધાવસ્થાના કારણે મારો દીકરો મને હાથ ઝાલીને કાઢી તો નહીં મૂકે ને ?" આમ , માનું મન શંકાઓથી ભરાઈ ઊઠે છે.

૨) કવિને પોતાના હાથ કાપી નાખવાનું મન થાય છે - કાવ્યના આધારે લખો.

જવાબ : કારણ કે કવિને એવું લાગે છે કે જે માતાએ મને ફૂલની જેમ ઉછેર્યો છે તેની માટે હું કશું કરી શકતો નથી કે તેને વૃદ્ધાવસ્થામાં કોઈ ટેકો આપી શકતો નથી, તેથી કવિને પોતાના હાથ કાપી નાખવાનું મન થાય છે.

❖ **નીચે આપેલી કાવ્ય પંક્તિનો અર્થવિસ્તાર કરો.**

પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ પર નથી આવતો ,

આ એ જ મા, જેણે મને ફૂલની જેમ સાચવ્યો,

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

જે મારાં પગલાં પાછળ અધ્ધર ટીંગાઈ રહેતી,

હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી;  આ એજ મા –

અર્થ :  ઉપરોક્ત પંક્તિમાં કવિ એમ કહેવા માંગે છે કે, જે માએ આજ સુધી મને ફૂલની જેમ સાચવી રાખ્યો છે. મારા દરેક પગલાનું ધ્યાન રાખ્યું છે. જેણે મને ટટ્ટાર ઊભા રહેતા શીખવાડ્યું છે. આ તે જ મા છે, પણ આજે હું તેને સહારો આપી શકતો નથી.

❖ **આડા-અવળાં થઈ ગયેલાં મૂળાક્ષરો ગોઠવીને શબ્દો બનાવો.**

**દીકરા , હાલરડાં , ઉપર , ડોકાયા , ટટ્ટાર , ધ્રૂજતા**

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## પાઠ : ૩ ભારતની આર્થિક રાજધાની : મુંબઈ

**❖ નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.**

૧) ભારતની આર્થિક રાજધાની કયું શહેર છે ?

જવાબ : ભારતની આર્થિક રાજધાની મુંબઈ શહેર છે.

૨) મુંબઈ ભારતમાં કઈ દિશામાં વસેલું છે ?

જવાબ : મુંબઈ ભારતમાં પશ્ચિમ દિશામાં વસેલું છે.

૩) મુંબઈના માર્ગો કેવા છે ?

જવાબ : મુંબઈના માર્ગો  વિશાળ તથા સાફ-સ્વચ્છ છે.

૪) મુંબઈમાં કયા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો આવેલા છે ?

જવાબ : મુંબઈમાં શાંતાક્રુઝ તથા સહારા બે આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો આવેલ છે.

૫) મુંબઈ શહેરની રચના કેવી રીતે થઈ છે ?

જવાબ : મુંબઈ શહેર એ સાત દ્વીપોની બનેલી નગરી છે.

**❖ નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

DELHI PUBLIC SCHOOL

૧) મુંબઈમાં આવેલા જોવાલાયક સ્થળોના નામ લખો.

જવાબ : મુંબઇમાં “ગેટ વે ઓફ ઇન્ડિયા, અજાયબ ઘર, રાજબાઈ ટાવર, માછલી ઘર, સચિવાલય, એસ્સલ વર્લ્ડ, વોટર કિંગડમ વગેરે પ્રસિદ્ધ તથા જોવાલાયક સ્થળો છે.

GANDHINAGAR

૨) મુંબઈને ‘પંચરંગી શહેર’ કેમ કહેવામાં આવે છે ?

જવાબ : મુંબઈને પંચરંગી શહેર કહેવામાં આવે છે, કારણ કે તે દેશનું એક મહત્વપૂર્ણ શહેર છે. દેશના અનેક રાજ્યોમાંથી લોકો ધંધાર્થે આવીને વસેલા છે. ---

આ મેટ્રો શહેરમાં અનેક ભાષાઓ બોલાય છે આથી તે પંચરંગી શહેર તરીકે ઓળખાય છે.

૩) કયા કારણથી 'મુંબઈ" એ ભારતની આર્થિક રાજધાની કહેવાય છે ?

જવાબ : વેપાર-ઉદ્યોગમાં દેશનું સર્વોચ્ચ કેન્દ્ર મુંબઈ છે. અહીંનું બંદર વિશ્વ પ્રસિદ્ધ છે, તેથી જ મુંબઈ દેશની આર્થિક રાજધાની ગણાય છે.

❖ **યોગ્ય શબ્દો દ્વારા નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

૧) મુંબઈ એ દેશનું મહત્વપૂર્ણ તથા **હાર્દ** ગણાતું શહેર છે.

૨) વેપાર ઉદ્યોગ નું દેશનું સર્વોચ્ચ કેન્દ્ર **મુંબઈ** છે.

૩) મુંબઈ એ **મહારાષ્ટ્ર** રાજ્યના પાટનગર છે.

૪) મુંબઈ શહેરમાં અંદાજે **એક કરોડ** લોકો વસે છે.

૫) મુંબઈમાં અગણિત **ગગનચુંબી** ઈમારતો જોવા મળે છે.

❖ નીચેના વિધાનોમાં ખરાં ખોટાં જણાવો.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

૧) દિલ્હી ભારતની આર્થિક રાજધાની છે. [ X ]

૨) જયપુરનું અજાયબ ઘર વિશ્વ-પ્રસિદ્ધ છે. [ X ]

૩) મુંબઈ એ ભારતનું મેટ્રો શહેર છે. [✔]

૪) આર્થિક એટલે નાણાંકીય કે રૂપિયા સંબંધિત થાય. [ ✔]

૫) મુંબઈમાં વિસ્તરેલો ફિલ્મ ઉદ્યોગ 'હોલીવુડ' ઓળખાય છે. [ X ]

**❖ નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

૧) નિત્ય - સદા - હંમેશા પ્રતિક્ષણ એટલે : દરરોજ

૨) કોઈપણ રાજયનું વડુમથક કે શહેર : પાટનગર

૩) એકદમ ઊંચી ઈમારતો : ગગનચુંબી

**❖ નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો.**

૧) આરથીક : આર્થિક

૨) ગગનચૂંબિ : ગગનચુંબી

૩) બોલિવુડ : બોલીવૂડ

૪) અંતરરાષ્ટરીય : આંતરરાષ્ટ્રીય

૫) સિક્ષણ : શિક્ષણ

૬) મહત્વપુરણ : મહત્વપૂર્ણ

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## પાઠ : ૪ કબડ્ડી

❖ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧) કબડ્ડી એ ભારતની કેવી રમત છે ?

જવાબ : કબડ્ડી એ ભારતની ખૂબ જ જૂની લોકપ્રિય રમત છે.

૨) કબડ્ડીની રમત અલગ અલગ રાજયમાં કયા કયા નામે ઓળખાય છે ?

જવાબ : કબડ્ડીની રમત અલગ-અલગ રાજ્યમાં હુતુતુતુ, ચુડુડુડુ અને ભડુડુડુ નામે ઓળખાય છે.

3) કબડ્ડીની રમત ક્યાં રમી શકાય છે ?

જવાબ : કબડ્ડીની રમત ક્યાંય પણ રમી શકાય છે

૪) કબડ્ડીની રમત શેમાં ખુબ સાથ આપે છે ?

જવાબ : કબડ્ડીની રમત એકાગ્રતા અને એકતા સાધવામાં ખૂબ સાથ આપે છે.

૫) કબડ્ડીની રમતમાં કેવાં કપડાં પહેરી રમી શકાય ?

જવાબ : કબડ્ડીની રમત રમતી વખતે ફક્ત ચડ્ડી બનીયાન પહેરીને જ રમી શકાય.

❖ **નીચે આપેલા પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ લખો.**

૧) કબડ્ડીની રમત ક્યાં અને ક્યારે શરૂ કરી શકાય ?

જવાબ : કબડ્ડીની રમત ક્યાંય પણ શરૂ કરી શકાય, થોડીક જગ્યા રમવા માટે મળે તથા કેટલાક સાથી રમવા માટે મળી જાય તો રમત શરૂ કરી શકાય છે.

૨) કબડ્ડીની રમતમાં ખેલાડી ક્યારે આઉટ ગણવામાં આવે છે ?

જવાબ : કબડીની રમતમાં એક ટુકડીનો ખેલાડી કબડ્ડી-કબડ્ડી બોલતાં બોલતાં બીજા દળમાં જાય છે. તે એક જ શ્વાસે કબડ્ડી-કબડ્ડી બોલતાં જેટલા ખેલાડીઓને--

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

સ્પર્શીને મધ્યની રેખાને સ્પર્શ કરે તે બધા જ ખેલાડી 'આઉટ' જાહેર કરવામાં આવે છે.

૩) કબડ્ડીની રમત રમવાથી આપણને ક્યાં કયા ફાયદા થાય છે ?

જવાબ : કબડ્ડીની રમત રમવાથી આપણા શરીરને વ્યાયામ મળે છે, તેથી શરીર ચુસ્ત અને સ્ફૂર્તિલું બને છે. એકાગ્રતા અને એકતા સાધવામાં પણ રમત ખૂબ સાથ આપે છે.

૪)કબડીની રમતના કયા નિયમો પાળવા ફરજિયાત ધ્યેય છે ?

જવાબ : કબડ્ડીની રમતમાં  ચડ્ડી-બનિયાન પહેરવી, શરીર કોઈ ચીકાશ ધરાવતી વસ્તુ અથવા  તેલ લગાવેલું ન હોવું જોઈએ, ખેલાડીના નખ વધેલા ન હોવા જોઈએ વગેરે નિયમો ચુસ્તપણે પાળવા જોઈએ.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## ૬ : મનુષ્યનું પ્રાણી પ્રત્યેનું વર્તન

❖ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.**

૧) જંગલમાં માનવીએ કોને પાંજરામાં પૂરી દીધો હતો ?

જવાબ : જંગલમાં માનવીએ વાઘને પાંજરામાં પૂરી દીધો હતો.

૨) વાઘને કોણ પીંજરામાંથી છોડાવ્યો ?

જવાબ : વાઘને એક સજ્જને પીંજરામાંથી છોડાવ્યો.

૩) વાઘે માણસ વિશેનો અભિપ્રાય કોણે પૂછ્યો ૩.

જવાબ : વાઘે માણસ વિશેનો અભિપ્રાય શિયાળ અને કૂતરાને પૂછ્યો.

૪) શિયાળે મનુષ્ય પાસે શું માંગ્યું ?

જવાબ : શિયાળે મનુષ્ય પાસે પુરસ્કાર માંગ્યો.

૫) મુસીબતના સમયે શું કરવું જોઈએ ?

જવાબ : મુસીબતના સમયે વિચાર-વિમર્શ કરી પોતાની સલામતી-રક્ષા કરવી જોઈએ

❖ **નીચે આપેલા પ્રશ્નોના મુદાસર જવાબ લખો.**

DELHI PUBLIC SCHOOL

૧) વૃદ્ધ શ્વાને વાઘને શો પ્રત્યુત્તર વાળ્યો ?

જવાબ : વૃદ્ધ શ્વાને વાઘને પ્રત્યુત્તર વાળ્યો કે, હું મારા શેઠને વફાદાર રહી જિંદગીભર

GANDHINAGAR

તેમના ઘરની રખેવાળી કરતો હતો, પણ વૃદ્ધ થતા તેમણે મને મારી મારીને ઘરની બહાર કાઢી મૂક્યો.

૨) માણસ શા માટે આમ બોલવું પડ્યું ‘ઉપકારનો બદલો આમ વાળવાનો ?"

જવાબ માણસ આમ બોલવું પડ્યું – ‘ઉપકારનો બદલો આમ વાળવાનો’, કારણ કે વાઘે તેની સાથે ઉપકારનો બદલો ખરાબ રીતે આપ્યો હતો.

૩) વાઘ કેવી રીતે પાછો પીંજરામાં પુરાયો ?

જવાબ : શિયાળે જ્યારે કહ્યું કે વાત શું છે ? તે મને વિસ્તારથી જણાવો ત્યારે વાઘ નિદર્શન આપવા પીંજરાની અંદર ગયો તરત જ મોકો ઝડપી શિયાળે પીંજરું બંધ કરી દીધું.

૪) આ વાર્તામાંથી આપણને શો બોધ મળે છે ?

જવાબ : આ વાર્તામાંથી આપણને બોધ મળે છે કે મનુષ્યએ  સર્વ પશુઓ અને જીવસૃષ્ટિ પ્રત્યે કરુણા, પ્રેમ રાખવો જોઈએ. મનુષ્યએ જીવનમાં પ્રેમ, અહિંસા અને કરુણાના ગુણ વિકસાવવા જોઈએ.

❖ **નીચેના વિધાનોમાંથી ખરાં અને ખોટાં લખો.**

૧) શિયાળ ખૂબ ચાલાક હતું. [✔]

૨) મોકો ઝડપીને માણસે પીંજરું બંધ કરી દીધું. [ X ]

૩) મનુષ્યએ શિયાળને કહ્યું - 'પુરસ્કાર તો આવી જાવ'.. [ X ]

૪)પશુઓ તથા જીવ સૃષ્ટિ પ્રત્યે કરુણા રાખવી જોઈએ. [ ✔]

૫) દુષ્ટ તથા દુર્જન પ્રત્યે કૃપા વરસાવી જોઈએ. [ X ]

DELHI PUBLIC SCHOOL

❖ **નીચે આપેલી કહેવતનો અર્થ સમજાવો.**

GANDHINAGAR

૧) જેવા સાથે તેવા - જે જેવું હોય તેની સાથે તેમજ વર્તવું.

૨) ખાડો ખોદે તે પડે -  જે બીજાના માટે મુશ્કેલી ઉભી કરે તે પોતે જ તે મુશ્કેલીનો સામનો કરે.

૩) ચેતતા નર સદા સુખી - જે વ્યક્તિ મુશ્કેલીઓને ઓળખીને પહેલાંથી સજ્જ થઇ જાય તે સુખી થાય છે.

❖ **નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો.**

૧) મુસિબત : મુસીબત

૨) પૂરસ્કાર : પુરસ્કાર

૩) પિંજળુ  : પીજરું

૪) શીઆળ : શિયાળ

૫) મનુશીય : મનુષ્ય

૬) સલામતિ : સલામતી

૭) સત્જન : સજ્જન

૮) ઊપકાર : ઉપકાર

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## પાઠ : ૯ સફળતાનો મંત્ર : આત્મવિશ્વાસ

૧) વ્યક્તિ ક્યારે જીવનમાં સફળતા મેળવી શકતો નથી ?

જવાબ : જ્યારે વ્યક્તિ આત્મવિશ્વાસ વગર કોઈ કામ કરે, ત્યારે સફળતા મેળવી શકતો નથી.

૨) માણસો મનોચિકિત્સક પાસે શા માટે જતાં ?

જવાબ : માણસો મનોચિકિત્સક પાસે માર્ગદર્શન મેળવવા જતાં.

૩) મનોચિકિત્સક પાસે કેવો યુવાન માર્ગદર્શન મેળવવા આવ્યો ?

જવાબ : મનોચિકિત્સક પાસે નિરાશ અને જીવનથી હારેલો યુવાન માર્ગદર્શન મેળવવા આવ્યો.

૪) યુવાન કયા કારણે અચંબિત થયો ?

જવાબ : મનોચિકિત્સકે ત્રણ વખત સિક્કો ઉછાળ્યો અને ત્રણેય વખત સફળતાની બાજુ આવતા યુવાન અચંબિત થઈ ગયો.

૫) સફળતાની ચાવી કઈ છે ?

જવાબ : મહેનત (પરિશ્રમ) અને વ્યક્તિનો આત્મવિશ્વાસ સફળતાની ચાવી કહેવાય છે.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

❖ **નીચે આપેલા પ્રશ્નોના મુદાસર જવાબ લખો.**

૧) મનોચિકિત્સક પાસે કોણ આવ્યું ? તેણે મનોચિકિત્સકે શું કહ્યું ?

જવાબ : મનોચિકિત્સક પાસે નિરાશ અને જીવનથી હારેલો વ્યક્તિ આવ્યો. તેણે મનોચિકિત્સકને કહ્યું કે હું કેટલીય મહેનત કરું છતાંય મને સફળતા મળતી નથી.

૨) ચિકિત્સકે યુવકમાં આત્મવિશ્વાસ પેદા કરવા શું કર્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

જવાબ : ચિકિત્સકે યુવકને એક સિક્કો બતાવ્યો અને તેની એક બાજુ સફળતા અને બીજી બાજુ નિષ્ફળતા લખી હતી. તે સિક્કો ત્રણ વખત ઉછાળતા સફળતા આવ્યું. તેનું આ પરિણામ આવ્યું કે એ વ્યક્તિ ઉત્સાહમાં આવી ગયો અને તેનામાં આત્મવિશ્વાસ આવી ગયો.

૩) પાઠમાં સફળતા મેળવવા માટે કયા કયા મુદ્દા દર્શાવેલા છે ?

જવાબ : પાઠમાં સફળતા મેળવવા માટે આ પ્રમાણે મુદ્દાઓ દર્શાવ્યા છે.

(૧) પોતાના આત્મવિશ્વાસથી સફળતા મેળવી શકાય છે. (૨) નિરાશા દૂર કરી આશાવાદી બનવું જોઈએ. (૩) હંમેશાં હકારાત્મક વિચારસરણી અપનાવો ને પરિશ્રમ કરતા રહો. (૪) અટલ આસ્થા અને સતત મહેનત વડે જ સફળતાના કદમ ચૂમી જશો. (૫) મહેનત (પરિશ્રમ) અને વ્યક્તિનો આત્મવિશ્વાસ જ સફળતાની ચાવી છે.

❖ **યોગ્ય શબ્દો દ્વારા નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

૧) **આત્મવિશ્વાસ** થી સફળતા મેળવી શકાય છે.

૨) દિલ રેડીને કાર્ય કરનાર ક્યારેય નિષ્ફળ નથી જતો.

૩) મનોચિકિત્સકે સિક્કો **ત્રણ** વખત ઉછાળ્યો.

૪) મનોચિકિત્સકે યુવાનને **ઉત્સાહપૂર્વક** પરિશ્રમ કરવા કહ્યું.

૫) **મહેનત** વડે જ સફળતાના કદમ ચૂમી શકાય છે.

❖ **નીચેના વિધાનોમાંથી ખરાં અને ખોટાં** જણાવો.

૧) ચિકિત્સકે પાકીટમાંથી સિક્કો કાઢ્યો. [ X ]

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

૨) સિક્કો ઉછાળતાં દરેક વખતે નિષ્ફળતાવાળી બાજુ પડી. [ X ]

૩) આશા દૂર કરી નિરાશાવાદી બનવું જોઈએ. [ X ]

૪) સિક્કાની બન્ને બાજુએ સફળતા લખ્યું હતું. [ ✔ ]

૫) મનના રોગીઓનું નિદાન કરનારને વૈજ્ઞાનિક કહેવાય. [ X ]

❖ **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

૧. મનોરોગીઓનો ઉપચાર કરનાર - મનોચિકિત્સક

૨. પોતાનામાં વિશ્વાસ હોવો તે – આત્મવિશ્વાસ

❖ **નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો.**

૧) આમતવીશ્વાસ : આત્મવિશ્વાસ

૨) સ્રદ્ધા : શ્રદ્ધા

૩) યુવાન : યુવાન

૪) મારગદર્શન : માર્ગદર્શન

૫) ઊત્સાહપુરવક : ઉત્સાહપૂર્વક

૬) વિચારસરણિ : વિચારસરણી

૭) ચતૂરાઈ : ચતુરાઈ

૮) મન્તર : મંત્ર

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

# વિચાર વિસ્તાર

❖ **ચિંતનાત્મક પંક્તિઓમાં રજૂ થયેલા વિચારને કે બોધભાવને પકડી એને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવે, તેને 'વિચાર વિસ્તારની પ્રવૃત્તિ' કહેવાય.**

## <u>વિચાર વિસ્તારમાં ધ્યાનમાં રાખવાની બાબતો</u>

- વાંચવું, જાણવું અને વિચારવું એ વિચાર વિસ્તાર કરવાની પાયાની બાબત છે.
- શબ્દનો અર્થ સમજવાનો પ્રયત્ન કરતા જઈને પંક્તિ – પંક્તિઓના મુખ્ય વિચારને સમજીને  લખવો એ વિચાર વિસ્તાર કરવાની ખાસ અગત્યની બાબત છે.
- પંક્તિઓમાંથી સરળ અર્થ સમજાય પછી એમાંથી પ્રગટતા અન્ય અર્થો-સૂચિતાર્થો કે ગૂઢાર્થોને સમજવાનો પ્રયત્ન કરીને તેમાંથી શો બોધ મળે છે તે લખવો.
- પંક્તિના મુખ્ય વિચારને સમજવા માટે એને અનુરૂપ અન્ય એવી પંક્તિઓ, દ્રષ્ટાંતો, રૂઢિપ્રયોગો કે કહેવતો લખવી.
- પંક્તિના મુખ્ય વિચારને ઉદાહરણ દ્વારા સમજાવ્યા પછી અંતે વિચાર વિસ્તારના સારાંશરૂપે પોતાનું મંતવ્ય રજૂ કરવું જોઈએ.
- સામાન્ય રીતે વિચાર વિસ્તાર કે અર્થવિસ્તારના લેખનને આપણે ત્રણ ફકરામાં કરવું જોઈએ.
- પ્રથમ ફકરામાં એમાં રહેલો મુખ્ય વિચાર લખવો.
- બીજા ફકરામાં એ પંક્તિઓની વિગતો દ્રષ્ટાંતો દ્વારા સમજાવવી.
- ત્રીજા ફકરામાં ફરીથી સારરૂપ વિગતો સાથે પોતાનું મંતવ્ય રજૂ કરવું.

**"મિત્ર એવો શોધવો, જે ઢાલ સરીખો હોય;**

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

**સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય”**

શબ્દનો અર્થ સમજવાનો પ્રયત્ન કરતા શીખીએ.

મિત્ર – દોસ્ત

ઢાલ – તલવાર સામે રક્ષણ મેળવવાનું કાચબા કે મગરની ચામડીમાંથી બનેલું હથિયાર.

સરીખો – સમાન

આ પંક્તિનો સાદો અર્થ એ છે કે – “મિત્ર એવો શોધવો જોઈએ કે જે ઢાલ જેવો હોય, સુખમાં તે ભલે પાછળ રહે પરંતુ દુ:ખમાં તો હંમેશાં આગળ રહેતો હોવો જોઈએ.”

આ ધ્યાનમાં રાખવાની બાબતોને આપણે એક ઉદાહરણ દ્વારા સમજીએ.





DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

મિત્રો પણ આવા જ હોવા જોઈએ, આપણા જીવનમાં જ્યારે દુ:ખનો કે મુશ્કેલીનો સમય હોય ત્યારે આગળ આવી, સાથે રહીને મદદ કરતા હોવા જોઈએ, પછી ભલે આપણે સુખી હોઈએ ત્યારે પાછળ રહેતા હોય.

આ વિચાર વિસ્તારમાં તમે દ્રષ્ટાંત આપવા માટે ‘કૃષ્ણ અને સુદામાની મિત્રતા’, ‘રામ અને હનુમાનજીની મિત્રતા’ જેવા ઉદાહરણ મૂકી શકો.

શ્રીરામ અને હનુમાનજીની મિત્રતા જોઈએ તો સીતાજીની શોધમાં અત્યંત મુશ્કેલીના સમયમાં હનુમાનજી આગળ રહ્યા અને જ્યારે રામ ગાદી પર બેઠા ત્યારે તેઓ ઢાલની જેમ પાછળ પણ રહ્યા હતા

આમ, આપણે મિત્ર પસંદગીમાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ. સાચા મિત્રો ઢાલ જેવા હોય છે, જે મુશ્કેલીના સમયમાં હંમેશાં સાથ આપતા હોય છે અને સુખમાં કોઈ અપેક્ષા રાખતા નથી. આવા સાચા મિત્રો જ આપણે પસંદ કરવા જોઈએ.

**Write in your note book**

**“મિત્ર એવો શોધવો, જે ઢાલ સરીખો હોય;**

**સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય”**

અહીં કવિ કહે છે કે – “મિત્ર એવો શોધવો જોઈએ જે ઢાલ જેવો હોય, સુખમાં ભલે પાછળ રહે, પણ દુ:ખમાં હંમેશાં આગળ રહેતો હોવો જોઈએ.” અહીં પંક્તિમાં ઢાલનું ઉદાહરણ આપવામાં આવેલું છે. જ્યારે યુદ્ધ કે લડાઈ થતા ન હોય ત્યારે ઢાલ સૈનિકની પીઠ પાછળ ભરાયેલી રહે છે, પરંતુ સામે જ્યારે તલવારનો ઘા પડવાનો હોય ત્યારે ઢાલ સૈનિકની આગળ આવી તલવારના ઘાને પોતાના પર ઝીલી લે છે. મિત્રો પણ આવા જ હોવા જોઈએ. આપણા જીવનમાં જ્યારે દુ:ખનો કે મુશ્કેલીનો સમય હોય ત્યારે આગળ આવી, સાથે રહીને મદદ કરતા હોવા જોઈએ, પછી ભલે આપણે સુખી હોઈએ ત્યારે તે પાછળ રહેતા હોય.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

આમ સાચા મિત્રો ઢાલ જેવા હોય છે, આપણા દુ:ખમાં હંમેશાં સાથ આપતા હોય છે અને સુખમાં કોઈ અપેક્ષા રાખતા નથી. આવા મિત્રો જ આપણે પસંદ કરવા જોઈએ.

# વ્યાકરણ

## વિશેષણ – વિશેષ્ય

- **સંજ્ઞાના અર્થમાં કંઈક વિશેષતા લાવવા જે પદ મૂકાય છે તેને વિશેષણ કહે છે.**
  - ઉદાહરણ તરીકે

| | |
|---|---|
| સફેદ બિલાડી | સુંદર મોર |
| ઠંડુ પાણી | પાંચ દેવ |
| ગરમ ચા | ઊંચો પર્વત |
| મોટી પેન્સિલ | હોશિયાર વિદ્યાર્થી |
| નાનું બાળક | ખાટી આંબલી |

- અહીં, સફેદ, ઠંડુ, ગરમ, મોટી, નાનું, સુંદર, પાંચ, ઊંચો, હોશિયાર અને ખાટી જેવા શબ્દો નામના રંગ, ગુણ, આકાર, ઊંચાઈ, સંખ્યા વગેરે જેવા અર્થની વિશેષતા દર્શાવે છે, તેથી તે બધાજ શબ્દો **વિશેષણ** છે.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

| | |
|---|---|
| બિલાડી કેવી? | સફેદ |
| પાણી કેવું? | ઠંડુ |
| ચા કેવી? | ગરમ |
| પેન્સિલ કેવી? | મોટી |
| બાળક કેવું? | નાનું |
| મોર કેવો? | સુંદર |
| દેવ કેટલા? | પાંચ |

| | |
|---|---|
| પર્વત કેવો? | ઊંચો |
| વિદ્યાર્થી કેવા? | હોંશિયાર |
| આંબલી કેવી? | ખાટી |

❖ અહીં સફેદ, ઠંડુ, ગરમ, મોટી, નાનું, સુંદર, પાંચ, ઊંચો, હોશિયાર, ખાટી જવાબ રૂપે મળતા વિશેષણ છે.

રાધિકા અણીવાળી પેન્સિલથી લખે છે.

હાથ ચોખ્ખા પાણીથી ધોવા જોઈએ.

પરમ સુંદર અક્ષરે લખે છે.

| | |
|---|---|
| રાધિકા **કેવી** પેન્સિલથી લખે છે ? | **અણીવાળી** |
| હાથ **કેવા** પાણીથી ધોવા જોઈએ ? | **ચોખ્ખા** |
| પરમ **કેવા** અક્ષરે લખે છે.? | **સુંદર** |

## વિશેષ્ય

❖ **વિશેષણોથી જે શબ્દોની વિશેષતા બતાવાતી હોય, તે શબ્દને વિશેષ્ય કહેવાય છે અને આ વિશેષ્ય એટલે નામ (સંજ્ઞા).**

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR

## વિશેષણવાળા શબ્દો

મીઠી કેરી

લાલ ગુલાબ

પાંચ વિષય

ગરમ ઉકાળો

ભીની માટી

| | |
|---|---|
| કેરી કેવી? | મીઠી |
| ગુલાબ કેવું? | લાલ |
| વિષય કેટલા? | પાંચ |
| માટી કેવી? | ભીની |

**મીઠી, લાલ, પાંચ,ગરમ, ભીની → વિશેષણ**

**કેરી, ગુલાબ, વિષય, ઉકાળો, માટી → વિશેષ્ય**

## Practice work

❖ **વિશેષણ અને વિશેષ્યને શોધો**

1. તીખું મરચું
2. લીલું પાન
3. તોફાની બાળક
4. નટખટ વાનર
5. લુચ્ચો વરસાદ
6. સફેદ કબૂતર ઊડે છે.
7. માતા રંગબેરંગી ફૂલ લાવે છે.
8. જય પાસે ત્રણ સાઈકલ છે.

DELHI PUBLIC SCHOOL
GANDHINAGAR